# જાહેરાત જીએયુ - નં. 1/2018

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

**ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)**

**ચાણકય ભવન, પોલીસ ભવન સામે, જામનગર – 361 008**

ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 15/02/2012 ના ઠરાવ ક્રમાંક જીએયુ/102011/2061/છ, સંયુકત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા 23/09/2015 ના ઠરાવ ક્રમાંક જીએયુ/102011/3200/છ થી રીડર વર્ગ-1 ની જે જગ્યાઓ ભરવાની મંજુરી મળેલ છે તે પૈકી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર ખાતે ક્રમ નં. 1 થી 2 મુજબની રીડર વર્ગ-1 ની કુલ-2 જગ્યાઓ તથા ઉપસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. 09/05/2017 ના ઠરાવ ક્રમાંક અયદ-102016-ન.બા-34-છ થી જે જગ્યાઓ ભરવાની મંજુરી મળેલ છે તે પૈકી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર તથા યુ.જી.ચિકિત્સાલયમાં નીચે દર્શાવેલ ક્રમ નં. 3 થી 11 મુજબની જગ્યાઓ માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે-

| ક્રમ | જગ્યાનું નામ તથા વર્ગ | જગ્યા ની સંખ્યા | કેટેગરી | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 1 | રીડર– રસશાસ્ત્ર અને બી.કે. - વર્ગ–1 | 01 | અ.જ.જા. - બેકલોગ | પીબી-3, રૂ. 15600-39100, ગ્રેડ-પે- રૂ.6600/- (છઠા પગાર પંચ મુજબ) | -- |
| ૨ | રીડર–પ્રસુતિતંત્ર અને સ્ત્રીરોગ - વર્ગ–1 | 01 | સા.શૈ.પ. - બેકલોગ | | |
| 3 | મેડીકલ ઓફીસર વર્ગ-2 | 04 | 03- જનરલ<br>01 - સા.શૈ.પ. | પીબી-૨, રૂ. 9300-34800 ગ્રેડ-પે- રૂ. 5400/- (છઠા પગાર પંચ મુજબ) | મેડીકલ ઓફીસરની ચાર જગ્યામાંથી એક જગ્યા મહિલા ઉમેદવારથી ભરવાની રહે છે |
| 4 | યોગ નિષ્ણાંત વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 31,340/- | -- |
| 5 | બાયોસ્ટેટિશિયન વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 31,340/- | -- |
| 6 | લેબોરેટરી ટેક્નિશ્યન – પેથોલોજી - વર્ગ-3 | 2 | 1 – જનરલ<br>1 – સા.શૈ.પ. | માસિક ફીકસ રૂ. 31,340/- | -- |
| 7 | મેટ્રન વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 31,340/- | -- |
| 8 | હેડનર્સ (આસી. મેટ્રન) વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 31,340/- | -- |
| 9 | મીડવાઈફ વર્ગ-3 | 1 | સા.શૈ.પ. | માસિક ફીકસ રૂ. 19,950/- | -- |
| 10 | એક્સ-રે ટેક્નિશ્યન વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 19,950/- | -- |
| 11 | ડ્રેસર વર્ગ-3 | 1 | જનરલ | માસિક ફીકસ રૂ. 16,224/- | -- |

**સરકારશ્રીના તા. 09/05/2017 ના ઠરાવ અનુસારની ઉપરોકત ક્રમ 3 થી 11 મુજબની જગ્યાઓ તા. 31/03/2018 સુધી મંજુરથયેલ ત્યારબાદ સરકારશ્રી ધ્વારા વખતોવખતના ઠરાવથી આ જગ્યાઓ તા. 28/02/2019 સુધી ભરવાની મંજુરી મળેલ છે. આગળ ઉપર આ જગ્યાઓ ચાલુ રાખવાના હુકમો સરકારશ્રીની મંજુરીનેઆધિન રહેશે.**

રીડરની બંને જગ્યાઓ રીઝર્વ કેટેગરીથી ભરવાની રહે છે તેમાં તે કેટેગરી મુજબના ઉમેદવાર ન મળે તો આવી જગ્યાઓ જનરલ કેટેગરીના ઉમેદવારથી તદન એડહોક ધોરણે 11 માસ માટે અથવા તો તે કેટેગરીના ઉમેદવાર મળે ત્યાં સુધી જ કોન્ટ્રેકટ બેઇઝથી ભરવામાં આવશે.

ઉમેદવારોએ એસ.એસ.સી. થી શરૂ કરીને તેઓએ મેળવેલ તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટ, જરૂરી અનુભવ, જાતિનું પ્રમાણપત્ર, ના-વાંધા પ્રમાણપત્ર, ઉંમર અંગે એસ.એસ.સી. પાસીંગ સર્ટીફીકેટ અથવા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતાં તમામ પ્રમાણપત્રોની **સેલ્ફ એટેસ્ટેડ નકલો** અરજી ફોર્મ સાથે ફરજીયાત જોડવાની રહેશે. લાગુ પડતી જગ્યાઓમાં બુક, રીસર્ચ પેપર પબ્લીકેશન / પ્રેઝન્ટેશન વિગેરેના આધારોની **સેલ્ફ એટેસ્ટેડ નકલો** અરજી ફોર્મ સાથે જોડવાની રહેશે.

ઉમેદવારે અરજી પત્રક સાથે જોડેલાં તમામ **સેલ્ફ એટેસ્ટેડ નકલો / પ્રમાણપત્રો** ઉપર પેઇજ નંબર આપી અનુક્રમણિકા અરજી પત્રક સાથે જોડવાની રહેશે.

અરજી ફોર્મ **તા. 20/12/2018** સુધીમાં યુનિવર્સિટીને રૂબરૂ / રજી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા મળી જાય તે રીતે મોકલવાનું રહેશે.

રીડર વર્ગ-1 ની તથા મેડીકલ ઓફીસર વર્ગ-૨ ની જગ્યામાં ઇન્ટરવ્યુને પાત્ર ગણવાના થતાં ઉમેદવારોની સંખ્યા માટે યુનિવર્સિટી ધ્વારા ઠરાવેલ ધોરણો મુજબ જે જગ્યામાં 6 થી વધુ ઉમેદવારોની અરજી માન્ય રહેશે તો સંખ્યા મર્યાદિત કરવા યુનિવર્સિટી ધ્વારા લેખિત પ્રાથમિક કસોટી અંગ્રેજી ભાષામાં યોજવામાં આવશે. લેખિત પ્રાથમિક કસોટીના પરિણામ બાદ ગુણ ક્રમાનુસાર પ્રથમ 06 ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે નહીં

ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ-102015-1223-ક મુજબ વર્ગ-3 અને 4 સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રીયામાં રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) ની જોગવાઇ રદ કરવામાં આવતાં તદઅનુસાર ઉપરોકત વર્ગ-3 ની ક્રમ નં. 4 થી 11 સુધીની જગ્યા માટે લેખિત પરીક્ષા ગુજરાતી ભાષામાં યોજવામાં આવશે, અને આ પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે જ મેરીટ તૈયાર કરીને ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ

(1) અરજી સ્વીકારવાની છેલ્લી તા. :- **20/12/2018**

(2) **ફી ની વિગત** :-

(એ) સામાન્ય વર્ગના ઉમેદવારો માટે રૂ. 1000/-

(બી) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / સામાજીક શૈક્ષણીક પછાત / શારીરીક ખોડખાંપણવાળા ઉમેદવારો માટે રૂ. 250/-

અરજી ફોર્મ સાથે ઉપરોકત ફી ની રકમનો રીઝર્વ બેંક માન્ય કોઇપણ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે-ઓર્ડર **“Registrar, Gujarat Ayurved University, Jamnagar”** ના નામનો જોડવાનો રહેશે.

(3) ફકત ભારતીય નાગરીકત્વ ધરાવતાં ઉમેદવારો જ અરજી કરી શકશે.

(4) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ભરવી કે ન ભરવી, ઇન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારને પસંદ કરવા કે ન કરવા તથા આ જાહેરાતમાં કોઇ પણ કારણોસર ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(5) અસલ પ્રમાણપત્રો વગર ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે લાયક ગણવામાં આવશે નહીં.

(6) સરકારી / અર્ધસરકારી / સરકારના જાહેર સાહસો / ગ્રાંટ ઇન એઇડ સંસ્થા / યુનિવર્સિટીમાં નોકરી કરતાં ઉમેદવારોએ પોતાના વિભાગનું “**ના-વાંધા પ્રમાણપત્ર**” અરજી સાથે અથવા ઇન્ટરવ્યુ સમયે ફરજીયાત રજુ કરવાનું રહેશે.

(7) **વયમર્યાદામાં છુટછાટ અંગે** :-

(1) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા ભરતીના નિયમોને આધિન વયમર્યાદામાં છુટછાટનો લાભ મળવાપાત્ર રહેશે.

(2) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ઉમેદવારની વયમર્યાદા ગણવામાં આવશે.

(3) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સા.શૈ.પ. વર્ગના પુરૂષ ઉમેદવારને પાંચ વર્ષની તથા સ્ત્રી ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં દશ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(4) બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(5) શારીરીક અશકત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. 01/12/2008 ના પરિપત્ર ક્રમાંક પરચ/102008/469540/ગ.2 થી નિયત થયેલ સુપ્રીન્ટેન્ડેન્ટ / સીવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં દશ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

(6) માજી સૈનિક ઉમેદવારને સરકારશ્રીના નિયમ અનુસાર ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે.

(7) વયમર્યાદામાં છુટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છુટછાટનો લાભ મેળવ્યા બાદ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ કોઇપણ ઉમેદવારની વય 45 વર્ષથી વધુ હોવી ન જોઇએ પરંતુ યુનિવર્સિટીના ભરતીના નિયમોમાં જે જગ્યામાં વયમર્યાદા 45 વર્ષથી વધુ હોય તેવી જગ્યાઓમાં ભરતીના નિયમો મુજબની જ વયમર્યાદા રહેશે અને ઉપલી વયમર્યાદામાં અન્ય કોઇ છુટછાટ મળવાપાત્ર થશે નહીં.

(8) અનામત વર્ગના ઉમેદવાર જો બિનઅનામત વર્ગની જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારને વયમર્યાદામાં છુટછાટનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(8) જો એક કરતાં વધુ જગ્યાઓ માટે અરજી કરવાની હોય તો દરેક જગ્યા માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(9) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે એક જગ્યા અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી આ જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ 07 જગ્યાઓ પૈકી 02 જગ્યાઓ મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી 05 જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે)

(10) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે, મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે, પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દાત. 02 જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને એક મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો એક પુરૂષ ઉમેદવાર પસંદગી પામી શકે છે.)

(11) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ જરુરી વયમર્યાદા, શૈક્ષણીક લાયકાત, અનુભવ, માન્ય બોર્ડ / કાઉન્સીલનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા રીન્યુઅલ (જો લાગુ પડતું હોય તો) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ધરાવતાં હોવા જોઇએ.

ક્રમ નંબર – 1,2,3,7,8,9 ની જગ્યા માટે ઉમેદવારે ભારતના કોઇપણ રાજય અથવા સેન્ટ્રલ માન્ય બોર્ડ / કાઉન્સીલનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઇએ આ રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ અરજી સાથે જોડવાની રહેશે અને આ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવા આધારો રજુ કરવાના રહેશે.

(12) મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(13) ઉમેદવારે અરજીપત્રકમાં અનામતકક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક તથા દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(14) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતાં ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે ફરજીયાત સામેલ કરવાની રહેશે.

(15) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થતો હોય (નોન-ક્રિમિલેયર) તો જ મળવાપાત્ર રહેશે. તા. 01/04/2016 નાં રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિં થવા (નોન-ક્રિમિલેયર) અંગેનું પ્રમાણપત્રની મહત્તમ અવધિ ઇસ્યુ થયાના વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઇએ.

નોંધ :- ઉન્નત વર્ગમાં સમાવેશ નહિં હોવા (નોન-ક્રિમિલેયર) અંગેના પ્રમાણપત્રની માન્યતા / સ્વીકૃતિ તથા સમયગાળા અને અવધિના અર્થઘટન બાબતે સરકારશ્રીના ઠરાવો / પરિપત્રોની જોગવાઇઓ આખરી ગણાશે.

(16) સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં હોવાનું (નોન-ક્રિમિલેયર) પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(17) જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, શારીરીક અશકતતા, મહિલા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તો તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે જ લાભ મળશે.

(18) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ / યુનિવર્સિટી / અન્ય કોલેજ ધ્વારા પસંદ થયેલ ઉમેદવાર ગેરલાયક ઠરાવેલ હોય અથવા ફરજીયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

(19) ઉમેદવારે તેની શૈક્ષણીક લાયકાત / અનુભવ / ઉંમર / અનામત વિગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ પસંદગી બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે.

(20) કોમ્પ્યુટર જ્ઞાનની સીસીસી+ / સીસીસી ની પરીક્ષા સરકારશ્રીના પ્રર્વતમાન નિયમ અનુસાર પાસ કરવાની રહેશે.

(21) ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવા તરીકે ગર્વમેન્ટ ગેઝેટની / નોટરાઈઝડ એફીડેવીટની નકલ અરજી સાથે જોડવાની રહેશે.

(22) ભરતીના નિયમ અનુસાર જયાં અનુભવ માંગેલ હોય ત્યાં ઉમેદવારે સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ અરજી સાથે ફરજીયાતપણે જોડવાની રહેશે. જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર ધારણ કરેલ જગ્યા કે હોદો, અનુભવનો સમયગાળો, કયા વિષયનો શૈક્ષણીક / અન્ય અનુભવ તેમજ મેળવવામાં આવતાં પગારની વિગત (લાગુ પડતી જગ્યા માટે) ફરજીયાતપણે દર્શાવવાની રહેશે. આ વિગત સિવાયના અનુભવના પ્રમાણપત્ર હશે તો તેવા ઉમેદવારનું અરજી ફોર્મ રદ થવાને પાત્ર રહેશે.

# -: Recruitment Rules :-

Recruitment Rules for the Post of Principal, Professor, Reader (Except Sanskrit) / Lecturer (Except Sanskrit), Reader (Sanskrit), Lecturer (Sanskrit), Teacher (Physical Education) are as per Statute–193 of Gujarat Ayurved University.

## (1) Reader

**ESSENTIAL :- As per C.C.I.M. norms, as and when applicable.**

*(A) A Bachelor Degree in Ayurveda from a University or its equivalent as recognized under the Indian Medicine Central Council Act, 1970.

*(B) A post graduate qualification in the subject or speciality concerned included in the schedule to the Indian Medicine Central Council Act, 1970.

***As per Gazette Notification of C.C.I.M. dated 07/11/2016 and amendment in that from time to time.**

**EXPERIENCE :-**

5 Years Teaching Experinec in concerned subject or 5 Years Research Experience in regular service in research councils of Central Government or State Governemnet or Union Territory or University or National Institions with minimum three papers published in a recognised journal. (**As per Gazette Notification of C.C.I.M. dated 07/11/2016 and amendment in that from time to time.**

**#*AGE :- As per norms of Government of Gujarat as and when applicable.**

***NOT MORE THAN 42 YEARS (As per the advertisement of GPSC for the post of Professor, Reader – 2017)**

| No. | Name of the Post & Pay Scale | Recruitment Rules |
|---|---|---|
| 3 | **MEDICAL OFFICER**<br><br>9300-34800<br>(GP-5400)<br>(as per 6th pay) | **#Age** : Maximum 35 years<br>**Essential**<br>Qualification :<br>[1] A Bachelor degree in Ayurved from a university established by law its equivalent as recognized under Indian Medicine Central Council Act, 1970.<br>[2] Registered with recognized board / Council at State / Central Level for Ayurvedic practice.<br>**Desirable** :<br>[1] A post graduate qualification included in the schedule to the Indian Medicine Central Council Act, 1970.<br>[2] Certificate/ Diploma in Hospital Administration / management or MBA ( Hospital Management)<br>[3] Good Knowledge of Gujarati and Sanskrit.<br>[4] Computer Knowledge. |
| 4 | **YOGA EXPERT**<br><br>Fix Pay Per Month<br>Rs. 31,340/- | **#Age** : Maximum 30 years.<br>**Essential**<br>Qualification :<br>B.Y.N.S. / B.Sc.(Yoga) / B.A. (Yoga) from Statutory University<br>OR<br>Bachelor degree in any subject with second class either in D.Nat (Yoga) **OR** Diploma (Yoga) from Statutory University.<br>OR<br>Bachelor degree in any Medical faculty from Statutory University with second class in P.G.D.Y.N. from Gujarat Ayurved University, Jamnagar.<br><br>**Desirable** :<br>[1] Capability of performing advanced Yoga postures.<br>[2] Experience of Yoga instructor in college/University.<br>[3] QCI level-2 or its equivalent. |
| 5 | **BIO-STATISTICIAN**<br><br>Fix Pay Per Month<br>Rs. 31,340/- | **Age** : Maximum 35 years<br>**Essential**<br>Qualification<br>M.Sc. (Clinical Research) with second class from Statutory University.<br>**OR**<br>M.Sc. (Bio Statistics) with second class from Statutory University.<br><br>**Desirable** :<br>[1] Knowledge of standard Statistical Software and Computer proficiency.<br>[2] Experience in concerned field will be preferable. |
| 6 | **LABORATORY TECHNICIAN**<br><br>**(Pathology Laboratory)**<br><br>Fix Pay Per Month<br>Rs. 31,340/- | **#Age** :<br>[1] Maximum 30 years.<br>[2] There is no age bar for internal candidate.<br>**Essential**:-<br>Qualification :<br>[1] B.Sc. with Second Class in Microbiology / Chemistry / Bio Chemistry / Bio Technology from Statutory University.<br>[2] Diploma in Medical Laboratory Technology (D.M.L.T) from recognized institute / University.<br>OR<br>[2] One year Medical Laboratory Technician's Training Course from recognized Medical College / University.<br>OR<br>[2] One year Laboratory Technician Training Course from recognized Medical College / University.<br>Experience :<br>Two years experience in concerned field in Government / Semi Govt. / recognized Hospital / Institute.<br><br>**Desirable** :-<br>Knowledge of Computer. |
| 7 | **MATRON**<br><br>Fix Pay Per Month<br>Rs. 31,340/- | **Age** :<br>[1] Maximum 40 years.<br>[2] There is no age bar for internal candidate.<br><br>**Essential**<br>Qualification :<br>[1] B.Sc.( Nursing) or B.Sc.(Ayurved Nursing) from a Statutory University.<br>[2] Registered with Gujarat Nursing Council / Indian Nursing Council.<br><br>**Experience** :<br>Ten years of nursing experience in recognized hospital out of which three years experience as a Sister. |

| | | |
|---|---|---|
| **8** | **Assistant Matron**<br><br>Fix Pay Per Month<br>Rs. 31,340/- | **#Age** : Not More than 35 years.<br><br>**Essential :**<br>B.Sc. Nursing / B.Sc.Ayurved / Diploma of Nursing in Ayurveda i.e. qualified Ayurveda Nursing Course Certificate obtained from Gujarat Ayurvedic Nursing faculty established by Government of Gujarat.<br>**OR**<br>GNM / ANM registered with Gujarat Nurses Midwife's and Health visitors Council of Gujarat i.e. Gujarat Nursing Council.<br>**OR**<br>Any other qualification equivalent to the above qualification.<br><br>**Experience** :<br>7 years experience of Nursing out of which 2 years minimum experience as a Sister.<br>**Relaxation :**<br>Age may be relaxed in case of internal candidate. |
| 9 | **Midwife**<br><br>Fix Pay Per Month<br>Rs. 19,950/- | #Age : Not More than 28 years.<br>**Essential** :<br>Qualification<br>[1] Diploma in General Nursing and Midwifery from Statutory University / Recognized Nursing Council of State / Central.<br>OR<br>[1] Auxiliary Nurse Midwife (A.N.M.).<br>OR<br>[1] B.Sc. (Nursing) or B.Sc.(Ayurved Nursing) from a Statutory University.<br>OR<br>[1] Diploma in Nursing in Ayurveda from Gujarat Nursing Faculty / Government of Gujarat.<br>[2] Registered with Gujarat Nursing Council / Indian Nursing Council. |
| **10** | **X-Ray Technician**<br><br>Fix Pay Per Month<br>Rs. 19,950/- | **#Age** : Maximum 30 years<br>**Essential**<br>Qualification :<br>[A] B.Sc. with second class from Statutory University.<br>[B] At least one year duration X- Ray Technician course from Government recognized Institute/ Government Medical College.<br><br>**Desirable** :<br>Experience in recognized Hospital / Institute. |
| 11 | **Dresser**<br><br>Fix Pay Per Month<br>Rs. 16,224/- | #Age : Not More than 28 years.<br>**Essential** :<br>Qualification<br>H.S.C. or Class-12th from recognized State / Central Board / Institute.<br>Experience :<br>Three Years Experience as a Dresser in the Government / Semi Government / Specialty Hospital with at least 25 bed capacity. |

**# માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. 06/10/2015 ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-112008-282323-ગ.પ થી મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવાનો નિર્ણય લેવાયેલ છે. તેના અનુસંધાને યુનિવર્સિટીની સિન્ડીકેટ ધ્વારા તા. 16/10/2015 ની સભામાં બાબત-1 મુજબ તથા માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર નીચે દર્શાવેલ જગ્યાઓ માટે વયમર્યાદા નીચે મુજબની રહેશે :-**

| | | |
|---|---|---|
| # Reader | :- | Not More than 45 years. |
| # Medical Officer | :- | Maximum 40 years. |
| # Yoga Expert | :- | Maximum 35 years. |
| # Laboratory Technician | :- | Maximum 35 years. |
| # Assistant Matron | :- | Not More than 40 years. |
| # Midwife | :- | Not More than 33 years. |
| # X-Ray Technician | :- | Not More than 35 years. |
| # Dresser | :- | Not More than 33 years. |

**તા. 27/11/2018** **( એચ. પી. ઝાલા )**

**જામનગર** **ઇન્ચાર્જ કુલસચિવ**

# પરિશિષ્ટ-1

# (વર્ગ-3 ની જગ્યાઓની ભરતી માટે)

## બોલીઓ અને શરતો -

(1) નિમણુંક પામનાર ઉમેદવારને ફીકસ પગાર રૂ. 31340/- / રૂ. 19950/- / રૂ. 16224/- માસિક ઉચ્ચક પગાર મળશે, આ નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત પાંચ વર્ષની રહેશે

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકશે.

(3) ગુજરાત સરકારના નાણાં વિભાગના તા 20/10/2015 ના ઠરાવ ક્રમાંક ખરચ/2002/57/(પાર્ટ-)ઝ.1 માં દર્શાવેલ નીચે મુજબના લાભો કરારના પાંચ વર્ષ દરમ્યાન કર્મચારીને મળવાપાત્ર થશે.

(1) ફીકસ પગાર ઉપર માસિક ખાસભથ્થું
(૨) ખાસભથ્થાં ઉપર વાર્ષીક વધારો
(3) દૈનિક ભથ્થું તથા મુસાફરી ભથ્થું
(4) વાર્ષીક પરચૂરણરજા અને ખાસ રજા
(5) તબીબી સારવારના લાભ
(6) વધારાની કામીગરી માટે મહેનતાણું
(7) ગુજરાત સરકાર ધ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટેની રજા
(8) અકસ્માત / કુદરતી મૃત્યુના કીસ્સામાં વીમા કવચ

(4) કરારના સમયગાળા દરમ્યાન શ્રી ........................................................ ને ફીકસ વેતનમાં ઇજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(5) કરારના સમગગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(6) કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો યુનિવર્સિટી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં

(7) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીકસ વેતનની લ્હેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે, પરંતુ બીજા નાણાંકીય લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(8) શ્રી ............................................. ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ યુનિવર્સિટીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે

(9) જો કર્મચરી મળવાપાત્ર રજા સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે

(10) શ્રી ................................ એ કાર્યમથક પર રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહીં.

(11) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(12) યુનિવર્સિટી તરફથી વહીવટી હીતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(13) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે

(14) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ યુનિવર્સિટી સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ યુનિવર્સિટીની કોઇ જવાબદારી રહેશે નહીં

(15) કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને યુનિવર્સિટી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહીં.

(16) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારોથી ભરતીની નિયત કરાવેલ પ્રક્રીયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે

(17) આ રીતે નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમ્યાનની કામગીરીની સમીક્ષા બે વર્ષ પછી કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

(18) આ યોજના હેઠળ નિમણુંક મેળવેલ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિયમિત નિમણુંક આપવાની રહેશે એટલે કે પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તીત થયેલી ગણાશે, પરંતુ આ નિમણુંક તેમની નવી નિમણુંક ગણાશે અને તે સમયે નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થાં / સવલતો મળવાપાત્ર થશે.

(19) સીધી ભરતીની આ જગ્યાઓ ભરતીની નિયત પ્રક્રીયા અનુસાર ભરવા માટે ગોણ સેવા પસંદગી મંડળ / અન્ય મંડળ કે માન્ય સંસ્થાને માંગણી પત્રક મોકલતી વખતે નિયત અરજી ફોર્મમાં ઉપર દર્શાવેલ તમામ શરતો અને બોલીઓ અચુક આમેજ કરવામાં આવે છે તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

(20) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્રક આપવાનું રહેશે

..........................................

**ઉમેદવારની સહી**